સત્ શ્રીકબીર ઔષધાલયમાં પવિત્ર મહાત્મા પ્રેરક બનતી દવાઓ જેને માટે અસંખ્ય સર્ટિફિકેટો મળ્યાં છે.

આંખની અકસોર દવા, “ ન્યુરેલાઇન.”

આ દવા આંજવાથી શીતળતા પેદા થતાં આંખની અંદર ખીલ, તાપોડીયાં, ફુલુ, મોતીયા, છારી, ગરમી. ઝાંખ વગેરે આવી ગયેલાં હોય માણુસ રતાંધળો હોય તેને માટે અકસીર છે. નાટકો તથા સીનેમેટોગ્રાફના શોખીનો તથા રેલ્વે સરવન્ટો, ટેલીગ્રાફ અને વેપારી લાઈનના દરેક માણસો જેને રાતના ઉજાગરો કરવો પડતો હોય તેઓની તથા વિદ્યાર્થીઓની આંખના રક્ષણ માટે પણ આ દવા ઉત્તમોત્તમ છે. કીંમત શીશી એકનો રૂપીઓ દોઢ.

ખુની હરસ અને દુઃખતા મસા.

અમારી હરસની દવા એક રામબાણ ઇલાજ છે, આ દવા લગાડવાથી જરા પણ બળતરા નહિ થતાં, મસા ગળી જાય છે. એક દિવસ વાપરવાથી તુરત ફાયદો માલુમ પડશે, કીંમત ડબી એક—આઠ દિવસ સુધીનીના રૂપીઆ ચાર.

આ સિવાય ઘોડાઓ માટે તાકાતનો મસાલો, જાનવર માટે જખમનું અકસિર તેલ તથા ઓપરેશન કીધા સીવાય નાસુર, ભગંદર, પાઠું. ચાંદી, પરમો, પ્રદર, નપુંસકત્વ, ધાતુક્ષીણુતા, દમ, સસણી, સંગ્રહણી, વગેરે દરેક જાતની અકસીર દવાઓ વનસ્પતિની શુદ્ધ રીતે બનાવવામાં આવે છે, એકવાર મુલાકાત લીધાથી સંતોષ અને ખાત્રી થશે.

સત્ શ્રી કબીર ઔષધાલય
નં. ૧૦૩ ગુલાલવાડી,
મુંબઇ. } **મૂળચંદ જવેરચંદ કટારીયા.**

✱ ગરીબોને મફત દવા આપવામાં આવે છે.

॥ श्रीगणेशायनमः ॥

સુકન્યા–સાવિત્રી.

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક ૧ લો.

મંગલાચરણ—ભારત કીર્તન, ભાવીના પ્રાબલ્ય નિમિત્તે, નાટ્ય-પ્રયોગનું વસ્તુસૂચન.

પ્રવેશ ૧ લો– ચ્યવન ઋષિના આશ્રમમાં વૈવસ્વત મનુના પુત્ર રાજા શર્યાતિની પુત્રી સુકન્યા, તેની સખીઓ સાથે પ્રવેશ કરે છે; ત્યાં એક રાફડામાં પ્રકાશ દેખી, રાફડાના છિદ્રમાં શૂળ ખોસે છે. રાજકન્યાના આ સાહસથી તેમાં રહેલા તપસ્વી ચ્યવનની આંખો ફૂટી જઇ રુધિરધારા ચાલી રહે છે, બાળચેષ્ટામાં થયેલા આ અપરાધને માટે સુકન્યાને પશ્ચાત્તાપ થાય છે, શાપના ભયથી રાજકન્યા, ચ્યવનની દૃષ્ટિરૂપ બની ઋષિપત્ની થવાનો દુરાગ્રહ કરે છે; રાજા રાણીની સમ્મતિથી, નારદમુનિ તેમનું પાણિગ્રહણ કરાવે છે.

પ્રવેશ ૨ જો—તપોવનમાં પોતાનાં માતપિતાની સાથે દર્શનાર્થે આવેલા રાજકુમાર સત્યવાનના પરિચયમાં આવવાથી, આશ્રમમાં નિવાસ કરતા ઋષિકુમારોને શહેર જોવાની જીજ્ઞાસા થાય છે. ઉદાર દિલનો રાજકુમાર તેમને પોતાનાં વસ્ત્રાલંકારોનું દાન કરે છે. ગૌતમ મુનિ પોતાની દિવ્ય

દર્શનની વિદ્યાના ચમત્કારવડે, તપોવનમાંજ શહેર બતાવવાનું કહી સમજાવીને લઇ જાય છે.

પ્રવેશ ૩ જો-મદ્રદેશાધિપતિ મહારાજ અશ્વપતિની પુત્રી સાવિત્રી વિહારભુવનમાં પોતાની સખીઓ સાથે વાર્તાવિનોદ કરે છે. ત્યાં લગ્ન સંબંધી સખીઓના અરસ પરસ મનોભિપ્રાય જાણી લઇ, સાવિત્રી તેમને લગ્નની મહત્તા સમજાવે છે. રાજા અશ્વપતિ તથા રાણી માલવી, પોતાની પુત્રીના આ વિચાર છૂપી રીતે સાંભળે છે; અને સાવિત્રીને પોતાને મન ગમતો વર શોધવા માટે દેશાટન કરવાની આજ્ઞા કરે છે.

પ્રવેશ ૪ થો—ન્યાતમાં કન્યાની અછતને લીધે કુંવારો રહેલો ઉલ્લુસિંહ, તથા પરતંત્ર થવાના ભયથી કુંવારો રહેલો તેનો મિત્ર ગરીબદાસ પોતપોતાના દુઃખને રડે છે, જગતમાં કુંવારાનું જીવતર વ્યર્થ લાગવાથી અંતે જેવી મળે તેવી સ્ત્રી સાથે પરણવાના નિશ્ચય ઉપર આવે છે.

પ્રવેશ ૫ મો—રાજકુમાર સત્યવાન પોતાના અંધ માતા પિતાનાં નેત્રને માટે અત્યંત બળાપો કરે છે. શહેર જોવાની જીજ્ઞાસાવાળા ઋષિકુમારોનો અત્યંત દુરાગ્રહ જોઇ, ગૌતમ મુનિ પોતાની વિદ્યાના ચમત્કારવડે સત્યવાનના રાજ્ય નગરનું દિવ્ય દર્શન કરાવે છે. અંધ રાજારાણીની ગેરહાજરીમાં પોતાનો કાકો ચંડસેન રાજ્ય પચાવી બેઠેલો જણાય છે તથા તેના સર્વ પ્રપંચ તેમના જાણવામાં આવે છે; ભાવીને પ્રાધાન્ય આપી દુઃખી રાજ્ય કુટુંબ પોતાના દિલને દિલાસો આપે છે.

પ્રવેશ ૬ ઠ્ઠો-કહ્યાગરા ધણીને પરણવાની ઇચ્છાથી કુંવારી રહેલી ઝુમખી તથા ઠામ ઠામ પુનર્લગ્ન કરતી તેની બ્હેનપણી છપ્પરપગી, સોબતે અસર.

પ્રવેશ ૭ મો–ચંડસેનના દરબારમાં રાજ્યના માજી દિવાન નીતિવલ્લભને કેદ કરીને લાવે છે. હાજીહા કરનાર ચંડસેનના દરબારીઓ તેને માજી રાજાનો પક્ષ છોડી દેવાનું સમજાવે છે. નીતિને વળગી રહેનાર નીતિવલ્લભ નહીં માનતાં, કારાગૃહ ભોગવવાનું વધારે પસંદ કરે છે.

પ્રવેશ ૮ મો–ખાસડાં ખાવાની શરતે ગરીબદાસ સાથે, છપ્પરપગીનુ ઘઘરણું (નાતરૂં) થાય છે; ઘરમાં પગ મૂકતાંની સાથે છપ્પરપગી પોતાની શરત યાદ દેવડાવે છે. ગરીબદાસ ગભરાય છે, અંતે શરત કબુલી ખાસડું ખાવા તૈયાર થાય છે; છપ્પરપગી મનમાં ફુલાય છે. ઝુમખી પોતાની બેનપણીનો પાંચમો ઘરવાસ જોવા આવે છે, તેને પણ પોતાના જેવું શીખવે છે.

પ્રવેશ ૯ મો–દેશાટન કરવા નિકળેલી સાવિત્રી, પોતાને યોગ્ય વર નહીં જડવાથી નિરાશ થાય છે. તપ કરવાના નિશ્ચય ઉપર આવેલી રાજકન્યા, દૈવને દોષ દેતી તપોવનમાં આવી ચઢે છે. ઋષિકુમારો સાથે સમિધ લેવા નિકળી પડેલો રાજકુમાર સત્યવાન તેની દ્રષ્ટિએ પડે છે; ત્યાં એક યક્ષકન્યા તથા રાક્ષસની દૈવી માયાથી સત્યવાનના ધૈર્યની કસોટી થાય છે. સંતાઇને છાનીમાની ચિકિત્સા જોતી સાવિત્રી, સત્યવાનનું આવું ધૈર્ય જોઇ તેને પોતાના પતિ તરીકે પસંદ કરી વરમાળ આરોપવા જાય છે; રાજા રાણીની સંમતિ સિવાય પ્રધાનો તેને એવું સાહસ કરતાં અટકાવે છે.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો–સાવિત્રીની સાથે દેશાટન કરવા ગયેલા મુખ્ય પ્રધાનો અશ્વપતિના દરબારમાં આવી, સર્વ વાર્તા નિવેદન કરે છે. સત્યવાનના પદભ્રષ્ટપણાના દોષને લીધે, તેનો સાવિત્રી સાથે વિવાહ અઘટિત ઠરાવે છે. એટલામાં મુનિવર નારદનું આગમન થાય છે તે સત્યવાનના અપાર ગુણનાં વખાણ કરે છે, તેથી રાજા અત્યંત પ્રસન્ન થાય છે. પરંતુ પાછળથી સત્યવાનના આયુષ્ય વિષે પ્રશ્ન નિકળતાં, નારદમુનિ વિચારમાં પડી જાય છે. સત્યવાનનું આયુષ્ય માત્ર એકજ વર્ષનું જણાયાથી, સર્વે સાવિત્રીને ફરી દેશાટન કરવાની ભલામણ કરે છે. પરંતુ સાવિત્રી પોતાના નિશ્ચયમાં અડગ રહી, સત્યવાન અલ્પ આયુષ્યમાન્ હોવા છતાં તેને જ પરણવાની હઠ લે છે. વટસાવિત્રીના વ્રતનું માહાત્મ્ય જણાવનારી દેવવાણી થાય છે, તેથી સાવિત્રીને તે વ્રત ધારણ કરવાનું કહી મુનિવર નારદ તેનો સત્યવાન સાથે વિવાહ કરવામાં સંમતિ આપે છે.

પ્રવેશ ૨ જો–છપ્પરપગી પાસે ધણીને કલ્લાગરો કરવાનો પાઠ ભણેલી ઝુમખી તથા યુક્તિબાજ ઉલ્લુસિંહનો નવો ઘરસંસાર. ઝુમખીને સુધારવાની નવી યુક્તિ, મીંદડીને બાને તોફાન, ઝુમખીનું ડરી જવું.

પ્રવેશ ૩ જો–સત્યવાનના દીર્ઘાયુષ્ય માટે બગીચામાં વડ પૂજન કરતી, સાવિત્રીના ધૈર્યની કસોટી કરવા માટે સૂર્ય તથા ચંદ્રને લઇ ઇંદ્ર આવે છે. પરંતુ સાવિત્રીનો સત્યવાન પ્રત્યે અડગ પ્રેમ જોઇ તેઓ આશીર્વાદ આપી પાછા ચાલ્યા જાય છે.

પ્રવેશ ૪ થો–ઉલ્લુસિંહનું જોઇ ગરીબદાસ પણ પોતાની સ્ત્રીને વશ કરવા માટે, મીંદડીને બહાને તોફાન મચાવે છે; પરંતુ છપ્પરપગી પહોંચેલી હોવાથી તે ભેદ કળી જાય છે. પૈસાની લાલચે પોતાના માબાપની સલાહથી, ગરીબદાસને મારી નાંખવાનો વિચાર કરે છે.

પ્રવેશ ૫ મો–અશ્વપતિ પોતાના પ્રધાનો સહિત સાવિત્રી માટે શત્યવાનનું માગું કરવા, તપોવનમાં ધુમત્સેન પાસે આવે છે. અંધ રાજા રાણી ઘણી આનાકાની સાથે તે માગણીનો સ્વીકાર કરે છે.

પ્રવેશ ૬ ઠ્ઠો–પોતાના પતિ ચ્યવનને નેત્રપ્રાપ્તિ માટે સુકન્યાએ દેવવૈદ્ય અશ્વિનીકુમારને પ્રસન્ન કરવા સારું તપ આદર્યું છે. ત્યાં દંપતીના પવિત્ર પ્રેમની પરીક્ષા કરવા, માયાવી દેવવૈદ્યો આવી સુકન્યાને છળવાનો પ્રયત્ન કરે છે. તેથી સુકન્યા તેમને શાપ આપી. પોતે અગ્નિમાં બળી મરવાનો નિશ્ચય કરે છે. સત્યવાન તેને તેમ કરતાં અટકાવે છે. અંતે અશ્વિનીકુમારો પ્રસન્ન થઇ, ચ્યવનને નેત્ર તથા યુવાવસ્થા આપવા માટે સ્વર્ગમાં લઇ જાય છે.

પ્રવેશ ૭ મો–ફાંસીની શિક્ષા પામેલી ખૂની છપ્પરપગી, કેદખાનામાં પોતાના પાંચે ભરથારોને પ્રેતરૂપે જોઇ ભયભીત થાય છે; અને પોતાના પાપનો પસ્તાવો કરે છે. ખુનના કામમાં મદદગાર હોવાથી, કેદ ભોગવતાં તેનાં માબાપને આખરની મુલાકાતને બહાને છપ્પરપગી પોતાની પાસે બોલાવી, માની જીભે ચુમ્મી લેવાની માગણી કરે છે. માની જીભના દોષથીજ પોતાની આવી દશા થઇ છે, એમ જણાવી, છપ્પરપગી તેની માની જીભ કરડી લે છે. પૈસાની લાલચે પુત્રીને આડે માર્ગે દોરવનાર માબાપની સોળે સોળ આના ફજેતી.

પ્રવેશ ૮ મો–સત્યવાન તથા સાવિત્રીનાં લગ્ન.

પ્રવેશ ૯ મો–રાજા શર્યાતિ તથા તેની રાણી પોતાની પુત્રી સુકન્યાને માટે ચિંતા કરે છે. મુનિવર નારદની ભલામણથી તેઓ ચ્યવનના આશ્રમ તરફ જાય છે.

પ્રવેશ ૧૦ મો–સાવિત્રી પોતાનાં અમૂલ્ય આભૂષણો ઉતારી નાંખી, તપોવનને છાજતા અલંકારો ધારણ કરવાનું વિચારે છે, એટલામાં સત્યવાન ત્યાં આવી ચઢે છે; દૈવયોગે નિર્માણ કરેલા દંપતીના શુદ્ધ સાત્વિક પ્રેમનું દિગ્દર્શન.

પ્રવેશ ૧૧ મો–યમના દરબારમાં પાપીઓને તેમનાં કર્મ પ્રમાણે શિક્ષા થાય છે, સત્યવાનના જીવને લેવા યમદૂત શક્તિવાન નહીં હોવાથી, યમરાજ જાતે જવા માટે વાહન તૈયાર કરવાની આજ્ઞા કરે છે. છપ્પરપગી તથા તેના મરણ પામેલા ભરથારોનો ન્યાય થાય છે, છપ્પરપગીને માથે લોઢાના હથોડાનો માર પડે છે.

પ્રવેશ ૧૨ મો–સમિધ લેવા માટે તૈયાર થયેલા સત્યવાનની સાથે સાવિત્રી વનમાં જવાની હઠ લે છે, માતાપિતાની આજ્ઞા સિવાય સાવિત્રીને પોતાની સાથે લેવાની સત્યવાન ના પાડે છે, અને સાસુશ્વસુરની આજ્ઞા મેળવી સાયંકાળ થતાં પહેલાં આશ્રમમાં પાછાં મળવાનું કહી બન્ને વન પ્રત્યે જાય છે.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો–સાવિત્રીની માતાને ઉંઘમાં દુસ્સ્વપ્ન થવાથી વ્યાકુળ બની, પોતાની પુત્રીનાં સૌભાગ્યને માટે રાજા રાણી ચિંતામાં

પડે છે. મુનિવર નારદનું વચન યાદ આવવાથી, ત્યાંથી રાતો રાત તપોવન તરફ પ્રયાણ કરે છે.

પ્રવેશ ૨ જો-સત્યવાન તથા સાવિત્રીને ગયે ઘણો વખત થઇ જવાથી, અંધ રાજા રાણી તેમને શોધવા નિકળી પડે છે. અશ્વપતિ તથા રાણી માલવી આશ્રમમાં કોઇને નહીં જોવાથી, વધારે ચિંતાતુર થાય છે.

પ્રવેશ ૩ જો-સુકન્યા, પોતાના પતિ ચ્યવનને સ્વર્ગમાંથી યુવાવસ્થા પામી પાછા આવવાની વાટ જોતી ઉભી છે, એટલામાં આકાશમાંથી ચ્યવન આવે છે; પરંતુ સુકન્યા તેને ઓળખી શકતી નથી, આકાશવાણી થવાથી સુકન્યાની ખાત્રી થાયછે, દંપતી અરસપરસ ભેટે છે. રાજા શર્યાતિ તથા તેની રાણી, સુકન્યાને મળવા આવે છે, ત્યાં આ પ્રસંગ જોઇ સુકન્યાને ધીટકાર આપે છે. અશ્વિનીકુમારો ત્યાં આવી સુકન્યાનું ચરિત્ર તેના માતા પિતાને કહી સંભળાવી, તેમના મનનું સમાધાન કરે છે. મુનિવર નારદની દક્ષિણામાં ચ્યવન ઋષિ, અશ્વિનીકુમારોને યજ્ઞમાં સોમરસનો ભાગ આપવાનું વચન આપે છે.

પ્રવેશ ૪ થો-ઘણી શોધ કરવા છતાં સત્યવાન તથા સાવિત્રીનો પત્તો લાગતો નથી, તેથી સર્વ શોકમાં ડૂબી જાય છે. થોડી વાર પછી અંધ દ્યુમત્સેન તથા શૈબ્યાને લઇ સુવર્ચા આવી પહોંચે છે. રાજા રાણી પ્રાણત્યાગ કરવાના નિશ્ચય ઉપર આવે છે. ગૌતમ મુનિ પોતાની વિદ્યાના ચમત્કારવડે સત્યવાન તથા સાવિત્રીને દિવ્યદર્શનમાં બતાવવાનું કહી ધીરજ આપે છે.

દિવ્યદર્શન.

પ્રવેશ ૫ મો–જંગલમાં સત્યવાન તથા સાવિત્રી વાર્તા વિનોદ કરતાં કરતાં તથા કુદરતની શોભા નિહાળતાં આવતાં જણાય છે. પોતાને જોઇએ તેટલાં ફળ તથા પુષ્પ ભેગાં કરી સમિધ લેવા માટે આગળ જાય છે. વૃક્ષને કુહાડીનો ઘા કરતાંની સાથે તેમાંથી મોટો નાગ નિકળી સત્યવાનને ડંશ કરે છે. સાવિત્રી તે નાગની પ્રાર્થના કરે છે, તેથી સાક્ષાત્ યમદેવનાં દર્શન થાય છે. યમરાજ સત્યવાનના હૃદયમાંથી અંગુષ્ટ માત્ર સૂક્ષ્મદેહને પાશથી બાંધી લઇ જાય છે. સાવિત્રી કલ્પાંત કરતી યમરાજની પાછળ જાય છે, તેને પાછી વળવા યમ ઘણું સમજાવે છે, તો પણ એક પછી એક વરદાન પામતી, પોતાના પાતિવ્રત્યના પ્રભાવથી યમરાજની પાછળ આકાશમાં જાય છે. યમરાજ પ્રસન્ન થઇ સત્યવાનને પોતાની પાશમાંથી મુક્ત કરી, આશીર્વાદ દઇ ચાલ્યા જાય છે.

પ્રવેશ ૬ ઠ્ઠો–યમરાજના વરદાનથી દ્યુમત્સેન તથા શૈબ્યા દેખતાં થાય છે, ચંડસેન પોતાના પાપનો પસ્તાવો કરતો રાજ્યાર્પણ કરવા માટે તપોવનમાં આવે છે, એટલામાં સત્યવાન તથા સાવિત્રી પણ આવી પહોંચે છે, સર્વે હળે મળે છે, અને આનંદ આનંદ થઇ રહે છે.

शान्तिः शान्तिः शान्तिः

પાત્રો.

શર્યાતિ—વૈવસ્વત મનુના પુત્ર.
ચ્યવન—સુકન્યાના પતિ (ઋષિ)
અશ્વપતિ—મદ્ર દેશના રાજા.
દ્યુમત્સેન—શાલ્વ દેશના અંધ રાજા.
સત્યવાન—તેમના પુત્ર.
ચંડસેન—દ્યુમત્સેનના નાના ભાઇ.
ઉલ્લુસિંહ } —એ મિત્રો.
ગરીબદાસ }
ભારદ્વાજ, ગૌતમ, } —તપોવનમાં નિવાસ કરતા મુનિઓ.
ધૌમ્ય, સુવર્ચા. }
યમ—યમપુરીના રાજા.
ચિત્રગુપ્ત—તેમના પ્રધાન.
વીરમિત્ર } —અશ્વપતિના પ્રધાનો.
શત્રુશલ્ય }
સુકન્યા—શર્યાતિ રાજાની પુત્રી, ચ્યવન ઋષિનાં ધર્મપત્ની.
લીલાવતી } —તેની સખીઓ.
લલિતા }
શૈબ્યા—દ્યુમત્સેનની અંધ રાણી
સાવિત્રી—અશ્વપતિ રાજાની પુત્રી સત્યવાનની પરમ પતિવ્રતા સ્ત્રી
માલવી—અશ્વપતિની રાણી.
પ્રભાવતી—ચંડસેનની સ્ત્રી.
છપ્પરપગી } —એ બ્હેનપણીઓ.
ઝુમખી }

એ સિવાય, નારદ, ઋષિકુમારો, યક્ષકન્યા, રાક્ષસ, અશ્વિની કુમારો, દેવતાઓ, સિપાહીઓ, સાહેલીઓ, યમદૂત વગેરે વગેરે.

સુકન્યા—સાવિત્રી નાટકનાં ગાયનો.

સૂત્રધાર— મંગલાચરણ.

થાઓ શ્રીગણ નાયક સાથ. (૨)
વિઘ્ન હરણ હિમ તનયા તન,
હરિ હર નંદન ગુણ રાય—થાઓ૦
લક્ષ લાભ પરિવાર મનોહર,
સુંદિર શુધ બુધ ના.......૨.
દુંદાળા દુઃખ ભંજને,
કરવા જન મન રંજન;
શિશુગણ સ્હાય—શ્રી.

૨

આર્ય બાળાઓ } —ધન્ય ધન્ય અમારી ભરત ભૂમી;
આર્ય બાળકો } પદ રજ લ્હઇએ તુજ ચરણ ચૂમી.— ધન્ય.

કુમકુમ છાંટી પાવન થઇએ, રસનાએ ગુણ તારા ગઇએ,
તુજ અંતરની આશીષ લ્હઇએ, અમ ભરત ભૂમી. (૨)
પૂજન અર્ચન ભૂમી તારું, જનમન વાંછિત ફળ દેનારૂં;
તુજ નામ સ્મરણ લાગે પ્યારૂં. અમ ભરત ભૂમી. (૨)-ધન્ય.

૩

બાળાઓ } —ભૂલે ભલ ભલા ભૂલેરે. (૨)
બાળકો } —ભાવીનો ભરમ કોથી નવ ખૂલે. (૨)

મૂર્ખ મન ભલે ફુલાવ્યું ફૂલે—ભૂલે.

બાળાઓ—અતિ ઉમંગથી કાર્ય આદરે, ધરી મન મોટી આશ;

અધવચ વાડી લુંટાઇ જાએ, (૨) આખર થાય નિરાશ—ભૂલે.

બાળકો—કાળ હીંચોળે અણું માત્રનું, જીવન ઝોલાં ખાય;

રહે દૂર નિરધાયું ધાર્યું, (૨) ધરણીધરનું થાય.—ભૂલે.

૪

સુકન્યા—અજબ શી! આ ઉપવનની બહાર,

સુગંધી પરિમલ બહેકે અપાર.—અજબ.

કોકિલકીર મૃદુલ સુણાવે, મધુકર મધુર ગુંજાર.—અજબ.

વૃક્ષલતાઓ ધરી નવ પલ્લવ, ઝુકી રહી હારો હાર.—અજબ.

૫

સુકન્યા—જય કાળ તણા મહા કાળ કૃપાળુ! મહેશ તમે કરૂણા કરજો;

સુખ શાન્તિ અખંડ વિશ્વંભર ભૂધર, આ મુનિના ઉરમાં ભરજો.

હુંથી બાળપણે અપરાધ થયો, ગણી બાળક દોષ ક્ષમા કરજો;

મમ કર્મ તણું ફળ દઇ મુજને, વૃદ્ધ આ મુનિનાં દુઃખ સૌ હરજો.

—જય.

૬

સુકન્યા—હવે રહ્યું બની, હતું જે બનાવવું શ્રી દીનબંધુને હાથ;

બની દાસી સેવું તમ સાથ. (૨)

તમ ચરણે તનમન ધન નાથ—હવે રહ્યું બની.

પ્રથમ બાળપણુ સૌને આવે, નવા નવા નિત્ય ખેલ ખેલાવે;

નથી ગઇ વિસરી એ વાત–બની દાસી સેવું તમ સાથ–હવે.
બચપણુ પૂઠળ યૌવન આવે, ચિત્ત ભ્રમને ચગડોળે ચઢાવે;
પ્રકટે જીવનનાં પ્રભાત–બની દાસી સેવું તમ સાથ-હવે.
છેલ્લી વૃદ્ધાવસ્થા આવે, ત્યાંથી સૌ નિજ પંથ સીધાવે;
અર્પ્યો મેં તમને હાથ, બની દાસી સેવું તમ સાથ-હવે.

૭

લીલાવતી }
લાલતા }
—એ.........આવ્યું આ વધામણીનું ટાણું રે. (૨)
સુકન્યા બ્હેને નીપજાવ્યું નામ કેરૂં નાણું–એ.
મિથ્યા વૈભવમાં મન ન રાચ્યું રે,
પરભવ કેરૂં સાધન સાધ્યું રે;
કુળમાંહી કીધું જેણે કીર્તિ કેરૂં લ્હાણું રે. (૨)સુકન્યા.
હરિ ભજવાને આ જન્મારો રે,
કાળ ન રાખે કોઇનો ઉધારો રે;
કાલે તો કોણુ જાણે કેવું વાશે વ્હાણું રે. (૨)સુકન્યા.

૮

નારદ–ચક્ર ઉભય ભવ રથનાં, સાથે રહીને જન્મ સફળ કરજો;
પ્રેમ પરસ્પર પામી, સદા દંપતી ઉત્તમ વર વરજો.

૯

ઋષિકુમારો–કુમાર બન્યા કેવા રાજાના કુમાર! (૨)
મોટા મોટા મણકાવાળી, માળા ગળામાં ઘાલી;
મેં આજ અહીં નિહાળી, ચળકે બેસુમાર.–કુમાર.
અમે ધર્યો તાજ માથે, ઉપાડયાં ચર્મ હાથે;
છે તુંબી પાત્ર સાથે, શોભાનો નહીં પાર.–કુમાર.

જાણે જડયા ઝીણા તારા, જણાય ન્યારા ન્યારા;
જામે કરે ઝબકારા, બહુ તેજનો અંબાર.—કુમાર.

૧૦

સખીઓ—એ... રજની ! શરદની રળીયામણીરે;
રહી ખીલી રૂપાળી ચંદની, આકાશે રહી ખીલી.
એ...વૃષ્ટિ વર્ષાવે અમૃત તણીરે,
રેલ જામી ઉરમાંહી આનંદની. હાંહાંરે રેલ જામી.
એ...ઠરે નયણાં નિહાળી પ્રકાશ (૨)
હર્ષ ઘેલાં હૈડાં કહે હાથ;
ઝલક શ્વેત શી છવાઇ (૨)—ખીલી.

સાવિત્રી—ચંદ્રવિના સજની નહીં, રજનીને સન્માન;
સજની ! શું સમજી કરો, રજનીના ગુણગાન.

૧૧

સાવિત્રી—લગન તે શું સમજો છો ખેલ સાહેલી !
ગુંચવણી સમજવી નથી એની સહેલી;
મૂક્યાં દાવે દુઃખને આનંદ હેલી,
ભાવી તણો ખેલ શકે કોણ ખેલી.

માધવી—ભોગી તણી સાથે બની જવું ભોગી,
રોગી તણી સંગે રહી કરવો નિરોગી;
પ્રારબ્ધે જે મેળવ્યો ભોગી કે રોગી,
ભોગવવાં તે સુખ દુઃખ થઇને સંયોગી.

સાવિત્રી—મ્હારે બાળા ભોળી બની ભવ બાળે,
મ્હારે પૂર્વ જન્મનાં પાપ પ્રજાળે;
નથી ફળ લેવાનું એકે ઉછાળે,
મોતી તો પાકે એ ઉંડે પાતાળે-લગન.

૧૨

ઉલ્લુસિંહ—ભાઇ ભાઇ! ભુંડો વાંઢાનો અવતાર,
સ્ત્રી વિના કહેવાય સુનો સંસાર-ભાઇ૦
વાંઢા ઉપર વિશ્વાસ ઝટ નાવે,
વહેમીલા લોક વહેમ કંઇ કંઇ લાવે;
નિત્ય નવા મુદ્દા ઉઠાવે.-ભાઇ૦
" ભરવાં કરવાં પાણી છાણાં, "
" ઝાટકવાં નિત્ય દાણા દુણાં; "
" રાંધ્યો રોટલો બાળી ખાતાં, "
" આંખોમાં નિત્ય ભરાય ધુણી; "
એકલા રહ્યામાં દીઠો ન કાંઇ સાર.-ભાઇ૦

૧૩

ઉલ્લુસિંહ—જે હાથે તે સાથે કહેવાય (૨)
રહે પડયું પાછળ તે પિત્રાઇ ખાય (૨)
હાથે તો પુણ્યદાન કાંઇ ન કીધું.
પોતે ન ખાધું કે ખાવા ન દીધું;
દમડી સાટે જીવ જાય, તમારો એક દમડી સાટે જીવ જાય-રહે.
ગરીબદાસ—કોને માટે હું મજુરી કરું છું,
પશુની પેઠે રોજ પેટ ભરું છું.
ઉલ્લુસિંહ—પચ્યું સોનું ધુળ થાય, તમારું પચ્યું સોનું ધુળ થાય.-રહે.

૧૪

સત્યવાન—કુકર્મી કપુતને ધિક્કાર,
વિસરે અગણિત જે ઉપકાર.-કુકર્મી.
કરી લાલન પાલન દુ:ખ કાપ્યાં, તન માટે તન મન
ધન આપ્યાં; વિસરે એ ઉપકાર.-કુકર્મી.
માતા ગંગા યમુના જાણે, તીર્થ સ્વરૂપ જે પિતા પ્રમાણે;
પામે મોક્ષનું દ્વાર-કુકર્મી.

૧૫

નીતવલ્લભ—કલ્પ વૃક્ષ તજી કોણ અભાગી, બાવળ પાસે જાય;
ફળની આશે જળસિંચે તો, ભાગે કંટક પાય.-અભાગી.
સંપત રૂપ મધ ટીપાં પાસે, બહુ કીડીઓ ઉભરાય;
સ્વજન મિત્રની ખરી કસોટી, વિપત સમયમાં થાય.-અભાગી

૧૬

સ્ત્રીઓ—ઓ સહિયર ! સુણો શિખામણ સારી;
સદા કરો સંગત જોઇ વિચારી.-ઓ.
કુસંગ કાજળ કોટડી, કુસંગીનું મુખ શ્યામ;
દુર્જન કેરા સંગથી થાય નામ બદનામ.
જડી જેને સોબત જગમાં નઠારી;
ગયું તે તો આ ભવ, પરભવ હારી.-ઓ.

૧૭

છપ્પરપગી-આવો આવો, હું લેવરાવું લ્હાવો;
આ મારા સંસારનો.
ગરીબદાસ—થયો આજ અનુભવ ભવપારનો.-આવો આવો.
છપ્પરપગી—તમારા વિના વ્હાલું નથી કોઇ મારે;
તે માટે કરું પૂજા તમારી પેજારે.

ગરીબ-" આ તે બાયડી કે શાયડી ! ?"
છપ્પરપગી-" શાયડી, શાયડી; શાયડી."
દીઠો માણશું મફતીઓ બજારનો.
આ મારા સંસારનો.—આવો આવો.

૧૮

ઝુમખી-હું નથી એવી ભોળી ! (૨)
હવે તો રહીશ-હું.
પાવરધી થઇ પૂરી મારી, જોડ જડે ના ખોળી.-હું.
નિત્ય કજીયા કંકાસ કરી, ઘરમાં સળગાવું હોળી;
છપ્પરપગી-"પ્રસંગ આવ્યે પરખાશે બાઇ, તું ગળણું કે ગોળી"-હું.
ભલે ભાયડો ભીખ માગે, ખાંધે ભેરવી ઝોળી;
" આપણે તો બાઇ ઘીમાં ઝબોળી, ખાઇએ ખીરને પોળી."-હું.

૧૯

સાવિત્રી-ઓ હરજી ! શા કાજે મને સરજી;
વિધાતાએ નિરમ્યો નથી મમ વરજી-ઓ હરજી !
સરજનહારે શી રચી, જગમાં જોડ અનેક;
વિધિને મન હું એકલી, પડી વધારે એક.
સુંદર વૃક્ષસંગે શુભવેલી, મળી ચંપાને ચતુર ચમેલી;
નિરમ્યો નથી મમ વરજી-ઓ હરજી !

૨૦

યક્ષકન્યા-ના તરસાવ (૨) મધુકર ડંખ દઇ કયાં ઉડે;
ફરી ફરી નહીં મળે આવો દાવ-ના.
સ્નાન કરી લે તન સરવરમાં, કળશ કનકના ગ્રહીને કરમાં:
લઇ લે સુખનો લ્હાવ-ના.

સત્યવાન–ઝાકળનું જળ હોય ન મીઠું. જાણી જમશે કોણ અજીઠું;
તજ તુજ શ્વાન સ્વભાવ.–ના.

૨૧

સાવિત્રી–એ.... મનમોહન ! નવ બોલાવશો;
મુજને કહી રાજકુમારી.

સત્યવાન–.......................................રાજકુમારી:

સાવિત્રી–હવે હું થઈ છું દાસી તમારી, વાલમ ! ગયા હું તમપરવારી-નવ.

સત્યવાન–બાળા ! હું નથી રાજકુમાર, વિકટ વન જંગલમાં વસનાર;
જોડી મમ સાથ તમારો પ્યાર, તમે સકુમાર,
શું સુખ પામશો ? કહ્યું માનો મન હરનારી–એ...મનમોહન !

અંક ૨ જો.

૨૨

નારદ—ભજને શ્રીયદુરાય, ઓ જીવડા ભજને શ્રીયદુરાય;
તારો અમૂલ્ય અવસર જાય–ઓ જીવડા
કામ ક્રોધ મદ લોભ મોહમાં, અંધ બની લપટાય;
હરિ ભજનરુપ ખટ રસ ભોજન, તજી મૂર્ખ ખડ ખાય–ઓ.
કાયા કાચ તણી છે કોઠી, ફુટ દઈ ફૂટી જાય;
ગયા પલક પાછી નવ આવે, આયુષ્ય ઓછું થાય–ઓ

૨૩

સાવિત્રી—બોલું ન કદી બોલ જે, પળે ના પળ્યા (૨)
લલાટે લખ્યા લેખ તે ટળે શું ટળ્યા.

સુણ્યાં શું કદી નેવ નીર મોભે વળ્યાં,
શુદ્ધ પ્રેમે હૃદય એ મળ્યાં તે મળ્યાં;
સંકલ્પ અચળ મારા ચળે ના ચળ્યા, (૨)
સાકર કેરા હીરા ગળ્યા તે ગળ્યા—બોલું.

૨૪

આકાશવાણી- સાવિત્રી પ્રિય પુત્રી, વટસાવિત્રીતણુંજ વ્રત કરજે;
ગૌરી શંભુ કૃપાથી, દીર્ઘાયુષ્ય તે ઇચ્છિત વર વરજે.

૨૫

ગરીબદાસ નવ ગમે ઘરબાર, ભરી દુઃખની વખાર;
બળ્યો સંસાર નાતરીયા નાતનો.
ઉલ્લુસિંહ-દીઠું નારનું બજાર, વ્હોરી વ્યર્થ વહે ભાર;
જેમાં મળે નહીં મેળ કોઇ વાતનોરે-બળ્યો.
ગરીબદાસ-કેમ કરી થાય કહો પ્રીતિ પરાણે ?
વીતી પોતાની બીજું કોણ જાણે;
ઉલ્લુસિંહ-" કરે જીવતાં મ્હોકાણ, મુવે હોય તાણાતાણ," (૨)
ગરીબદાસ-ભાઇ બાઇનો વહેવાર, ચાલે લાતનોરે-બળ્યો.

૨૬

સાવિત્રી—શ્રીવરદાયી ! અભય વર આપો,
શિર ઉપર કમલ કર સ્થાપો.—શ્રી.
આધિવ્યાધિ ઉપાધિ હરજો, પ્રિયતમ મારાનું પ્રિય કરજો;
અનુપમ વ્રત આ ફળજો.—શ્રી.
જય જગ જનની, તારન તરણી;

શુદ્ધ મતિ, ભગવતી ! ભવભય હરની,
શાન્તિ નાથ ઉર વ્યાપો. શ્રી.

૨૭

ઇંદ્ર-લાગી લગન મને તારી, ઓ લલના !-લાગી.
સાવિત્રી-સુરપતિ ! મતિ શું વિસારી ?-ઓ.
ઇંદ્ર-સુંદરી ! શચિથી, અધિક સુખ આપું (૨)
પટરાણી કરી સ્થાપું, ઉથાપું ન વચન મનોહારી.-ઓ.

૨૮

ગરીબદાસ-જડયો છે નાર વશ કરવાનો ઉપાય. (૨)
રોજ રોજ ખાસડાનો માર ન ખમાય-જડયો.
હત મીંદડી હત....................જડયો છે.
કાળ જીભી મુખ બહુ મારીને મહેણાં,
નિત્ય રાંડ નવાં નવાં માગે ઘરેણાં;
વઢવામાં શૂરી, એકે વાતે ના અધૂરી, (૨)
નફ્ફટ કયમે કરી પાંસરી ન થાય;
કુભારજા કયમે કરી પાંસરી ન થાય.—જડયો.

૨૯

અશ્વિનીકુમાર—
ખીલી ખીલી કુસુમ કળી !
વૃથા તું રસ ભોગી વિના.—ખીલી
રસઘેલી રહી એકલી—વૃથા તું.
મન્મથ મનલોભે, એ રતિ અહીંઆં શોભે, (૨)
ભોળી ભરમાએ ભલી, ઓ વ્હાલી વેલી. (૨)-વૃથા તું.

લાગી છે તાલાવેલી, થાને નવેલી વહેલી, (૨)
જોબન ગુમાવે અલી ! એ વ્હાલી વેલી. (૨)–વૃથા તું.

સત્યવાન— ૩૦

અહો ! ભાગ્ય જગમાં તે નરનું,
જેને મળી શિયળવતી નારી;
જે ભવસાગર દે તારી, કુળવતી કુળલાજ વધારી.–અહો !
જે કામિનીએ કંથ માટે, કાર્ય દુષ્કર પણ કર્યું;
કરવા સુખી નિજનાથને, અતિ પ્રેમથી તપ આદર્યું;
પતિ ધ્યાન હરનિશ ધારી, સતી અનુપમ વર વરનારી.–અહો !

૩૧

ભૂધર—હાથે કરી મેં કર્યું મુખ શ્યામ, બોળવા બેઠો હું બાપનું નામ,
ઉલ્લુસિંહ—નફ્ટ લાલચુ લુણહરામ, દીકરી વેચી વ્હાલા કરે દામ.
પાપી પાછો આવે ઠામનો ઠામ, અંતે રહે એના કપાળમાં ડામ.-હાથે.

૩૨

માલવી—મારી મુખ દીઠી દીકરીને મુખે હસી બોલાવજો,
શુભ સમાચાર તમારા, અમોને નિત્ય કહાવજો.—મારી૰
ઉછરી છે લાડમાં લાડસ ઘેલી,
જાણીએ અમે તમ અશ્રય મેલી;
દોષ પડે તો ક્ષમાની દૃષ્ટિવડે નિભાવજો. (૨)–મારી૰

૩૩

નારદ –ભજ ગોવિંદ ગોવિંદ વાર વાર,
રસના હરિને નવ ઘડી વિસાર.

આ જગત્ જાણજે મોહજાળ,
મૃગજળ સમાન છે આળ પંપાળ;
મન ધરા ધામ આગર અસાર—રસના.
પ્રભુ નામ સ્મરણરૂપ સુધા ધાર,
કરી પ્રીતે પાન ભવ ઉતર પાર;
કર ધર્મ કર્મ રાખી દિલ ઉદાર.—રસના.

૩૪

સાવિત્રી—પ્રિયતમ ! પદ સેવા, યાચું છું જોડી પાણિ,
ફળ ફુલ સમિધો હું, નિત્ય આપીશ આણી;
નરવર ઉરધારો, દાસીની દીનવાણી,
પરિચય નથી મારે, રાજ હું છુ અજાણી.
હું અજાણી રાજ ! તમથી છેક છું અજાણી,
સત્યવાન—મમ પ્યા............રી, વ્હાલી સુઘડનાર;
સંસારનો પામ્યો સાર, હૃદય હાર ગુણખાણી.--હું.
સાવિત્રી—સોંપ્યો હાથ નાથજી ! નિભાવવી તમારે હાથ;
સત્યવાન—શોભાવો સદા સાથ, વાહવાહરે રાણી.-હું.

૩૫

સત્યવાન—આરામની, સુખધામની, પ્રિયા ! તું પ્રતિમા પ્રેમની;
મમતાપ ઉરના હારનારી, તું શીતળ ધારા બની.
સાવિત્રી-માળા જપું તમ નામની.(૨) નથી પરવા દામ દમામની;
ચિત્ત ચાહું સેવા શ્યામની........................
સત્યવાન—..............સાચી તું ભગવતી ભામિની !-આરામ.

૩૬

ચિત્રગુપ્ત—નીચ નાર તું, સંભાર કર્મ તારાં (૨)

કાંઇ કીધાં સુકૃત્ય હોય સારાં.

પાંચે—ઉઠી સવારમાં સંભારતી જોડા,

સાટે પડે માથે લોઢાના હથોડા;

હા—શ—હા—શ.

છપ્પરપગી—અરરરરરરરર;

પાંચે—હાશ..........................નીચ.

છળને પ્રપંચમાં આયુષ્ય તારૂં ખોયું,

વ્હોરતાં પાપ જરી પાછું ન જોયું;

હાશ—હાશ.

છપ્પરપગી—અરરરરરરરરર;

પાંચે—હાશ..........................નીચ.

૩૭

સાવિત્રી—ઉભા રહો અલબેલા હું આવું, રસીલા હું આવું;

સત્યવાન—નાના પ્રિયા ઘટે સંગે સિધાવું.

સાવિત્રી—આજ પિયુ અળગી ના થાવું,

પ્રિયતમ ! પ્રેમનો નેમ બતાવું;

સત્યવાન—શાણી સુલક્ષણી શું સમજાવું, શું સમજાવું—નાના.

કંટક ભરેલા માર્ગમાં, તમથી ચલાશે કયમ કરી!

વળી ગ્રીષ્મઋતુના તાપ પણ કયમ સહન કરશો સુંદરી!

સાવિત્રી—છાયા શીતળ શિરછત્ર પાસે, તાપ પીડે નવ જરી;

ઓ નાથ ! લ્યો સંગાથ જોડી હાથ માગું કરગરી-ઉભા.

૩૮

ધુમત્સેન
શૈબ્યા } —દઇએ અંતરની આશીષ (૨)

સત્યવાન
સાવિત્રી } —લ્હઇએ આજ્ઞા નામી શીષ. (૨)

ધુમત્સેન
શૈબ્યા } —હવે અમથી નહીં ઘડી જાય ગણી, વ્હેલાં વળજો.

આશ્રમની ભણી; તમે બાળક મારાં નેત્રમણિ!
કરે રક્ષા શ્રી જગદીશ.–દઇએ.

સત્યવાન– તમ સેવાવીણુ જનક જનની,
નથી પરવા રાજ્ય તથા ધનની;
નિરખી શોભા નવ ઉપવનની, સત્વર અહીં આવી મળીશ.–દઇએ.

અંક ૩ જો.

૩૯

માલવી–શું કહું સ્વામી! સ્વપ્ન હું પામી, જીવ મારો ગભરાય;
નિદ્રા ત્યાગી, ઝબકી જાગી, સુઝે ન એક ઉપાય.–શું.
નાથ હૃદય મમ વળે ન વાર્યું, સુખ આપણું સૌ પરવાર્યું.
હાય દૈવ! તેં શું નિરધાર્યું, ચોગમ ખાવા ધાય.–શું.

૪૦

ધુમત્સેન
શૈબ્યા } —
હરિહરિ! કૃપા કરી મેળવજો,
અમ અંધ તણી લાકડીયો;
શિવશિવ! પરભવ પાપે આજ,
સમય શો વિપરીત આવી ચઢીયો.

દ્યુમત્સેન–સત્યવાન જે પ્રાણ જતાં પણ; ધર્મ કદી નવ ચૂકે;
તે ટળવળતાં માત પિતાને, જંગલમાં કેમ મૂકે.–હરિ
શૈબ્યા–લઇ આજ્ઞા નિજ પંથ સિધાવ્યાં; સમય વીત્યો પણ નાવ્યાં;
નથી રહેતી ધીર નાથ હવે, નક્કી ભાવીએ ભૂલાવ્યાં.–હરિ.

૪૧

આકાશવાણી–કર શંકા દૂર મનની, શાણી સુકન્યા સુણી સત્ય વાણી;
રૂપ અનુપમ પામ્યો, સ્વામી તારો ચ્યવન એમ જાણી.

૪૨

સુકન્યા–ઉભી ઉભી જોઉં વ્હાલા ! તમારી વાટડી;
દેખી રુપ હર્ષે ભરાય મારી છાતડી.–ઉભી.
ચ્યવન–દયાનિધિ દેવે આપી છે યુવાની,
સુકન્યા–નિરખી નગિના ! બની છું દિવાની;
આનંદે ગાળીશું દિન રાતડી.–ઉભી.

૪૩

સુકન્યા–નથી સુખ વસ્યું જઇ સંપતમાં, (૨)
નથી દુઃખ કંઇ સદા વિપતમાં.–નથી.
જે નવ ભાળ્યું રાજભુવનમાં, તે કૌતક અનુભવ્યું ઉપવનમાં;
ફળે ઋતુકેરાં ફળ રતમાં.—નથી.
ભલે પુત્ર કે પુત્રી કહાવે, પણ જે માતની કુખ દીપાવે;
તેને ધન્ય જગતમાં—નથી.

૪૪

સાવિત્રી–મારા મસ્તક કેરા મોર ! મેલી મુજને અહીં ક્યાં જાશો ?
ઘટે નહીં થાવું આમ નઠોર.—મેલી.

દોઠા શો પ્રિયતમ! મુજમાં દોષ? શાણા! ઘટે ન આવો રોષ;
પામું શી રીતે સંતોષ—મેલી.
કહેતા હતા તું હૃદય મારું, પ્રાણ મારો એક;
ચતુર શિરોમણિ એ વચનો, શું વિસર્યા છોડી વિવેક.
મુજને નહીં કોનો આધાર, કરશે માતપિતા પોકાર;
મારા ગુણ ગણના ભંડાર-મેલી.

૪૫

યમ—શા માટે શ્રમ કરે, સતી! તુજ પતિ ભક્તિ સાચી (૨)
હવે પુત્રી! વળ તું પાછી (૨)
સાવિત્રી-સજ્જન કેરા સાથમાં, મેં ડગ ભરીયાં સાત;
મિત્ર ભાવે સુણજો હવે, દીન વનિતાની વાત.
ધર્મ જે વેદપુરાણે ભણીઓ, મુખ્ય ધર્મ ગ્રહસ્થાશ્રમ ગણીઓ;
કૃપાનાથ! મમ પ્રાણનાથ શું, રહી વૃત્તિ રાચી (૨)
વળું મહારાજ! કયમ પાછી (૨)
યમ—સુણી વિવેક ભરી મૃદુ વાણી, થયો પ્રસન્ન અતિ મન શાણી!
સત્યવાનના જીવિત વિના કંઇ, ઇચ્છિત વર યાચી (૨)-હવે.
સાવિત્રી—"મહારાજ! મારાં અંધ સાસુશ્વસુર આંખે દેખતાં થાય."
યમ—"તથાસ્તુ." ભાગ્યવતી! તું અતિ દૂર આવી;
થાય કોથી મિથ્યા નવ ભાવી-શા માટે.
સાવિત્રી-પતિ સમીપ શ્રમ નહીં જરી, જ્યાં જાએ મમનાથ;
તપ વ્રત આપ કૃપાવડે. ત્યાં આવું તમ સાથ.
સંગત સજ્જન તણી નથી સોંઘી, મૈત્રી સંત પુરુષની મોંઘી;
કૃપાનાથ! મમ પ્રાણનાથશું, રહી વૃત્તિ રાચી (૨)-વળું મહારાજ.

યમ—અર્થ યુક્ત સંભાષણ તારૂં, બુદ્ધિમાં વૃદ્ધિ કરનારૂં;
સત્યવાનના જીવિત વિના કંઇ, ઇચ્છિત વર યાચી-હવે.

સાવિત્રી-" મહારાજ ! મારા બુદ્ધિશાળી સસરાજીને પાછું
રાજ્ય પ્રાપ્તિ થાય. "

યમ—" તથાસ્તુ. " ઉત્તમ વર એ આપ્યાં ભાવે;
હજી પ્રેમદા પૂઠળ આવે—શા માટે.

સાવિત્રી-સુપાત્ર જન કરતા કદી, સુપાત્રનું સન્માન;
સાધુ તો દુશ્મનતણું, પણ સાધે કલ્યાણ.
સતપુરુષોની સમાન દૃષ્ટિ, દયા તણી વર્ષાવે વૃષ્ટિ;
કૃપાનાથ ! મમ પ્રાણનાથશું, રહી વૃત્તિ રાચી (૨)-વણ.

યમ—શીતળ વચન સુધાસમ તારાં, તૃષા તૃષાતુરની હરનારાં;
સત્યવાનના જીવિત વિના કંઇ, ઇચ્છિત વર યાચી-હવે.

સાવિત્રી-" મહારાજ ! મારા પિતાના કુળની વૃદ્ધિ કરનાર,
મારે સો ભાઇ થાય. "

યમ—"તથાસ્તુ." સાસરીયાંનું માન વધાર્યું;
પિયર તણું પણ કાજ સુધાર્યું-શા માટે.

સાવિત્રી-પર દુ:ખે દુ:ખીયા બને, દુ:ખદ હૃદય વિશ્રામ;
ભરૂંસો ભારે સંતનો, ઠરવાનું શુભ ઠામ.
સ્વજન માંહી વિશ્વાસ ન લાવે, સજ્જન ઘર પૂછતું સૌ આવે;
કૃપાનાથ ! મમ પ્રાણનાથશું, રહી વૃત્તિ રાચી (૨)-વણું.

યમ—મધુરાં નવિન વચન સંભળાવ્યાં. અતિશય તે મારે મન ભાવ્યાં;
સત્યવાનના જીવિત વિના કંઇ, ઇચ્છિત વર યાચી (૨)—હવે.

સાવિત્રી—"મહારાજ ! મને મારા સ્વામીથી ઔરસ સો પુત્ર થાય."
યમ—"તથાસ્તુ." ઘટે ન થાવું અતિવર લોભી;
તજી પૂઠ હવે જા અહીં થોભી.—શા માટે.
સાવિત્રી—સ્વધર્મ વ્હાલો સાધુને, જે નવ ચૂકે લગાર;
સાંપ્રત ભૂત ભવિષ્યની, ગતિ તણા આધાર.
સજ્જન ફરે ન આશા આપી, બોલ્યું અબોલ્યું ન કરે કદાપી;
કૃપાનાથ મમ પ્રાણનાથ શું, રહી વૃત્તિ રાચી (૨) વળું.
યમ—અમૂલ્ય તારાં વચન વિચારી, વાધે તુજમાં ભક્તિ મારી;
ભગવતી ! છેલ્લું ઉત્તમ, અનુપમ, ઇચ્છિત વર યાચી (૨) હવે.
સાવિત્રી—પુત્ર તણું મુજને દીધું, પ્રભુ ! આપે વરદાન;
જીવતદાન દઇ જીવનને, સત્ય કરો ભગવાન.

૪૬

સર્વે—
આનંદ અપાર (૨)
ભજવ્યું પવિત્ર ચરિત્ર સાર.
શ્રવણ કરી જે નર ને નાર,
પાળશે પ્રેમે સદાચાર;
સફળ કરી તે આ સંસાર,
ભવનિધિ તરી ઉતરે પાર.—આનંદ.

शान्तिः शान्तिः शान्तिः

સમાપ્ત

ભીખા કલ્યાણજીની કંપની

ગાન્ડીવ એન્ટી—રૂમેટીક બામ.

(એક ઘણોજ અસરકારક અને લાભકારક મલમ)

આ મલમ શરીરે ચોળવાથી સધીવા જેવો દુઃખદાયક રોગ થોડા સમયમાં નાબુદ થાય છે. પક્ષઘાત, ધુજારી, અને ધનુર્વા સરખા રોગને આ મલમે મટાડયા છે, હાથ પગનું રહી જવુ, શરીરના કોઇ પણ અવયવ ઉપર એકદમ સોજો ચઢી આવવો, સ્ત્રીઓના કેટલાક ભયંકર રોગો જેવા કે સુવાવડ અને ગર્ભાશયના રોગો થઇ ગયા પછી કમ્મર અને પગ ઝલાઈ જવા તથા શરદીને લીધે શરીરના અવયવોનાં ભયંકર ચિન્હો જેવાં કે જડબુ ઉઘાડું રહી જવું, દાંત ખીલી બેસી જવી, હાથ પગ ખેંચાઇ જવા તથા માથામાં કોઈ પણ પ્રકારથી દુઃખાવો થવો વગેરે જાતનાં તમામ દરદોને આ મલમ તાત્કાલિક રીતે ફાયદો આપી. જ્ઞાન તંતુની નબળાઇ દૂર કરી, અશકત શરીરમાં શકિત લાવી, ઠંડા પડી ગયેલા શરીરમાં શુદ્ધ ગરમી ઉત્પન્ન કરે છે અન મંદ પડી ગયેલા લોહીને ગતિવાળું બનાવે છે.

આ શોધ એક વિદ્વાન અને સુપ્રસિધ્ધ અનુભવી બાહોશ ડાકટરે કરેલી હોવાથી આ મલમ ઘણો જ અકસીર અને ફતેહમંદ નિવડયો છે વધુ વિગત માટે પ્રાઇસ લિસ્ટ જુઓ

કીમત શીશી એકના આના ૮).

ભીખા કલ્યાણજીની કંપની
જથાબંધ તથા પરચુરણ
દવા વેચનારા

બહારકોટ શેખ મેમણ
સ્ટ્રીટ, ગણેશવાડીના
નાકે, મુંબઈ.

☞ ભીખા કલ્યાણજીની કુાં૦ નું.

તાવનું અકસીર મિક્ષ્ચર.

આ મિક્ષ્ચર ટાઢીઆ, આંતરીઆ, મેલેરીઅલ અને ખરાબ ઋતુમાં ફાટી નીકલતા સર્વે જાતના ઝેરી તાવ ઉપર રામબાણ અસર કરે છે. કારણ કે તે નાશકારક જંતુઓને નાબુદ કરવામાં આબાદ છે. આ મિક્ષ્ચરના ત્રણ ભાગ લેવાથી એકજ દિવસમાં ગમે તેવો તાવ નાબુદ થઈ જાય છે, બીજી કેટલીક તાવની દવાથી તાવ એકદમ કાઢયા પછી માણસના શરીરમાં ઘણીજ અશક્તિ અને સુસ્તી આવી જાય છે, પણ આ દવાથી એવું કશું ખરાબ પારણામ આવતું નથી એ તેની ઉત્તમ ખુબી છે.

તાવ નીકળી ગયા પછી એક અથવા બે વધુ વખત લખેલા ભાગથી અર્ધો ભાગ લેવાથી તાવનો સમુળગો નાશ થશે અને પાછો આવશે નહી. વધુ વિગત માટે પ્રાઇસલિસ્ટ જુઓ.

બાટલી ૧ ની કીંમત આના બાર.

બહારકોટ, શેખ મેમણ સ્ટ્રીટ ગણેશવાડીના નાકે, મુંબાઈ.

ભીખા કલ્યાણજીની કંપની.
જથાબંધ તથા પરચુરણ દવા વેચનાર.

જાહેર ખબર.

નીચેનાં પુસ્તકો મોરબી નાટક કંપનીનો જ્યાં મુકામ હો ત્યાંથી, તથા મુંબઇમાં બુકસેલર એન એમ. ત્રિપાઠીની કુંપની તથા બુકસેલર વસનજી પરમાનંદ ચાહુવાળા ઠે. કાળબાદેવી રો અને અમદાવાદમાં બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેની દુકાનેથ તથા વડોદરામાં બુકસેલર મોહનલાલ મનઃસુખરામ ઠે. લહેરીપુ દરવાજા પાસેની દુકાનેથી તથા સુરતમાં પ્રભુશંકર નિર્ભયરા વ્યાસ ઠે. ભાગા તલાવની પાસેથી રોકડી કીમત મોકલી અગ વેલ્યુપેબલ પાર્સલથી મંગાવી લેવાં

ભર્તૃહરિ નાટક મોટું (સચિત્ર)		૧-૪-૦
સદર ગાયન...	...	૦-૨-૦
સતી અનસૂયા નાટક મોટું (સચિત્ર) ...	...	૧-૪-૦
સદર ગાયન ...	...	૦-૨-૦
ચાંપરાજ નાટક ...	મોટું	૧-૦-૦
સદર ગાયન ..	...	૦-૨-૦
રાજસિંહ નાટક...	મોટું	૧-૦-૦
સદર ગાયન ...	...	૦-૨-૦
રાણકદેવી નાટક ...	મોટું	૧-૦-૦
સદર ગાયન ...	...	૦-૨-૦
ત્રિયારાજ નાટક ...	મોટું	૧-૦-૦
સદર ગાયન ...	...	૦-૨-૦
ત્રિવિક્રમ નાટક ...	મોટું	૧-૦-૦
સદર ગાયન ...	..	૦-૨-૦
કંસવધ નાટકનાં ગાયન	..	૦-૨-૦
જગદેવપરમાર નાટક મોટું	...	૧-૦-૦
સદર ગાયન ...	...	૦-૨-૦
ચંદ્રહાસ નાટક મોટું	...	૧-૦-૦
સદર ગાયન ...	...	૦-૨-૦
વીરબાળા નાટકના ગાયન	...	૦-૨-૦
દેવયાની નાટકના ગાયન	...	૦-૨-૦
રાજતરંગ નાટકનાં ગાયન	...	૦-૨-૦
વિબુધ વિજયનાં ગાયન	...	૦-૨-૦
સરસ્વતી નાટકનાં ગાયન	...	૦-૨-૦
રમારણજીત નાટકના ગાયન	...	૦-૨-૦
મદાલસા નાટકના ગાયન	...	૦-૨-૦
અંબરીષ નાટકના ગાયન	...	૦-૨-૦
ભીષ્મપિતામહનાં ગાયન	...	૦-૨-૦
સુકન્યા-સાવિત્રીનાં ગાયન	...	૦-૨-૦
બુદ્ધદેવ નાટકનાં ગાયન	...	૦-૨-૦
શૃંગીરૂષિ નાટકનાં ગાયન	...	૦-૨-૦

મૂળજી આશારામ ઓઝા.